જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૧/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૩૩૪ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૮ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૯૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૨૬/૨૦૨૬**

અમરાઈવાડીઃ વિજયભાઈ નાનજીભાઈ ભિટોરા (ઉ.વ.૪૫)(રહે. હરીઓમ સોસાયટી રઘુનાથ સ્કુલ પાસે, બાપુનગર) એ તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૧/૨૦૨૬ સાંજના ૭/૦૦ થી તા.૦૪/૦૧/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન અમરાઈવાડી અનુપમ સિનેમાની પાસે તેજેન્દ્ર વિહાર કોમ્પલેક્ષમાં આવેલ "એલ.જી.ઈલેકટ્રોનીક" નામના સર્વિસ સેન્ટરની ઓફીસમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડા રૂપીયા ૪૮,૪૭૪/– ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એસ.મિયાત્રા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૨૭/૨૦૨૬**

માધવપુરાઃ મહેન્દ્રભાઈ રમણલાલ દાતણીયા (ઉ.વ.૬૩)(રહે.બાલાપીરનો ટેકરો કલ્યાણગ્રામ સોસાયટી સામે, દુધેશ્વર રોડ, લાલાકાકા હોલ પાસે માધવપુરા) એ બિમારીથી કંટાળી તા.૦૫/૦૧/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ખુમાનસિંહ ફતેસિંહ ચલાવે છે.

સરખેજઃ પ્રફુલ નરેન્દ્ર દેશમુખ (ઉ.વ.૫૨)(રહે.સુર્યા એમેરલ્ડ હા.કો.ઓ.સર્વિસ સો.લી. આંબલી રોડ, સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૧/૨૦૨૬ સાંજના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો અને દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.ચૌધરી ચલાવે છે.

નારોલઃ નંદાબહેન મનોહર દીઢે (ઉ.વ.૬૪)(રહે.પ્રથમ લક્ઝુરીયા કર્ણાવતી–૨ સામે નારોલ) એ બિમારીથી કંટાળી તા.૦૫/૦૧/૨૦૨૬ સવારના ૮/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી